| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૮ | ૦૩ | ૨૦૨૪ |
| દાખલ તારીખ | ૨૮ | ૦૩ | ૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૨૪ | ૦૪ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૭ | ૦૦ | ૦૨ |

# મે.જુનાગઢ મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસર સમક્ષ, મુ. જુનાગઢ.

**રેફરન્સ (ટી) કેસ નં.૧૫/૨૦૨૪**

**આંક–૩૪**

**પ્રથમ પક્ષકાર :–** મહાસાગર ટ્રાવેલ્સ લી.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર :–** શેખ ફીરોઝભાઈ હુસેનભાઈ

---

**પ્રથમ પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી આર.એચ.ધમાણી
**બીજા પક્ષકાર તરફે** : વિ.વ.શ્રી જે.એમ.હાલેપોત્રા

---

## –:: એવોર્ડ ::–

(1) ઉપરોક્ત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેના નિરાકરણ અર્થે આઈ.ડી.એક્ટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુક્તશ્રી જુનાગઢની કચેરીના હુકમ ક્રમાંકઃ કે.એચ/એસ.એચ.એમ.સી./આઈ.ડી.આર./મશ્રઆ/જુના/૦૪/ ૨૦૨૪ તા.૨૨/૦૩/૨૦૨૪ થી શ્રમયોગી એટલે કે બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરી સળંગ ગણી નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદ્દાના ન્યાય નિર્ણય માટે અત્રેની અદાલતને રીફર કરેલ છે.

(2) આ કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી **સામાવાળા** તરીકે અને બીજા પક્ષકારને **અરજદાર** તરીકે સંબોધવામાં આવશે.

(3) ત્યારબાદ અત્રેની કોર્ટમાં સદર અરજી રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ અને અરજદાર તરફે આંક–૬ થી માંગણા નીવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં ડ્રાઈવર તરીકે તા.૦૧/૦૩/૨૦૧૪ થી સરકારશ્રીના લઘુતમ વેતન મુજબ માસીક પગારથી સતત તથા સળંગ કામગીરી કરેલ અને તેમણે સંબંધિત અવધિ દરમિયાન ૨૪૦ દિવસથી વધુ સેવા બજાવેલ હોવાનું જણાવેલ. વધુમાં અરજદારે જણાવેલ છે કે, સામાવાળાએ તેઓને એકધારી અને સળંગ ચાલતી નોકરીમાંથી તા.૦૩/૦૪/૨૦૨૩ ના મૌખિત હુકમથી નોટિસ પગાર કે બેકારી વળતર કે લેબર કાયદાની પ્રોસીઝર કર્યા વગર છુટા કરી આઈ.ડી.એક્ટની જોગવાઈઓનો ભંગ કરેલ. આ ઉપરાંત તેઓએ તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ ફરી કામે લેવા માંગણી મુકેલ પરંતુ સામાવાળા દ્વારા આજદિન સુધી કોઈ પ્રતિસાદ આપેલ નથી. વધુમાં અરજદાર જણાવે છે કે, તેઓ સામાવાળા સંસ્થામાં રે.કે.નં.૩૫/૨૦૨૧ થી પુનઃસ્થાપિત થયેલ હતા તેમજ તા.૨૪/૧૨/૨૦૨૨ ના રોજ સામાવાળી સંસ્થામાં હાજર રીપોર્ટથી ફરજ પર હાજર થયેલા હતા. વધુમાં, સદર કેસ નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૨૩૦૧/૨૦૨૪ થી ચેલેન્જ કરેલ જેમા માનવીય શરતચુકથી તેઓ સામાવાળા સંસ્થામાં કામ પર હોય તેવુ જણાવેલ પરંતુ હકીકતે સામાવાળાએ તેઓને નોકરી પરથી છુટા કરી દીધા હતા જે અંગેનું સોગંદનામું નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ જે મેળવી અત્રેની કોર્ટ સમક્ષ નકલ રજુ રાખીશું. ઉપરોક્ત હકીકતો જણાવી સામાવાળા એ છુટા કરવાનું પગલું ગેરકાયદેસર હોય કામદારને છુટા કર્યા તા.૦૩/૦૪/૨૦૨૩ થી તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સાથે સળંગ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા યોગ્ય અને વ્યાજબી દાદ અપાવવા માંગણી કરેલ છે.

(4) ત્યારબાદ સામાવાળાને ધોરણસરની નોટીસ બજી જતા સામાવાળા દ્વારા આંક–૧૨ હેઠળ લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓ અરજદારની માંગણા નિવેદનની મહત્વની હકીકતોને ઈન્કાર કરી ખરી હકીકતે જણાવે છે કે, અત્રેની અદાલત દ્વારા કરેલ હુકમ મુજબ તેઓએ અરજદારને ફરજ પર હાજર થવા બાબતે સુચના

આપેલ પરંતુ અરજદાર હાજર થયેલ નહી તેમજ સ્વેચ્છાએ નોકરી છોડી ચાલ્યા ગયેલ જેથી તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ છુટા કરેલ ન હોય પુનઃસ્થાપિત કરવાનો પ્રશ્ન ન હોવાનું જણાવેલ. વધુમાં જણાવે છે કે, તેઓએ અરજદારને ક્યારેય છુટા કરેલ ન હોય જેથી બીજા ડ્રાઈવરની ભરતી કરવાનો, બચાવની તક આપવાનો, નોટીસ આપવાનો, બેકારી વળતર કે બેક વેજીસ આપવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં અરજદારે રે.કે.નં.૩૫/૨૦૨૧ ના હુકમ સામે પડેલ પગાર માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એ કરેલ તેમજ તે કેસમાં અરજદારે નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તેઓ હાલ કામ ઉપર હોવાનું જણાવેલ બાદમાં અરજદારે જણાવેલ કે તે માનવીય શરતચુકથી થયેલ અને તે અંગેનું સોગંદનામું નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ દાખલ કરેલ પરંતુ અરજદારે તે સોગંદનામાની નકલ આજદિન સુધી અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. ઉપરોક્ત તમામ હકીકતો તથા બચાવના આધારે સામાવાળા એ અરજદારનો રેફરન્સ રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(5) ત્યારબાદ અરજદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**અરજદાર તરફે રજુ મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરાવાનું સોગંદનામુ | ૧૩ |

**અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | અરજદારે આપેલ પુનઃસ્થાપીત કરવાની નોટીસની નકલ | ૧૪/૧ |
| ૨ | અરજદારે એ.સી.એલ જુનાગઢમાં આપેલ અરજીની નકલ | ૧૪/૨ |
| ૩ | ફોજદારી કે.નં.૯૭/૨૦૨૨,૧૦૯/૨૦૨૩,૨૧/૨૦૨૧ ૧૬૧/૨૦૨૩,૪૫/૨૦૨૩,૪૬/૨૦૨૩,૧૧/૨૦૨૨, ૭૨/૨૦૨૨,૬૯/૨૦૨૨,૧૦/૨૦૨૨,૨૨/૨૦૨૧, ૧૩૭/૨૦૨૫ | ૨૯ |

(6) ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૬ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ થયેલ છે.

(7) ત્યારબાદ સામાવાળા તરફે નીચે મુજબનો મૌખીક પુરાવો રજુ થયેલ છે જ્યારે કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી.

**સામાવાળા તરફે રજુ મૌખીક પુરાવો**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળાનું પુરાવાનું સોગંદનામુ | ૧૮ |

(8) ત્યારબાદ સામાવાળા તરફે આંક–૩૧ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ થયેલ છે.

(9) ત્યારબાદ અરજદાર તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા મૌખીક દલીલ કરી જે ધ્યાને લીધી.

(10) ત્યારબાદ સામાવાળા તરફે વિ.વ.શ્રી જે.એચ.ધમાણી દ્વારા આંક–૩૩ થી લેખીત દલીલ રજૂ કરી જે વંચાણે લીધી. આમ પક્ષકારો તરફે રજૂ થયેલ દલીલ પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી કારણોની ચર્ચામાં જરૂર પડે આવરી લેવામાં આવશે.

(11) આમ ઉપરોક્ત તમામ પક્ષકારોના માંગણા નિવેદનો, જવાબ, મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ સાથે દલીલોને ધ્યાને લેતા, અત્રેની અદાલત સમક્ષ નિરાકરણાર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## મુદ્દાઓ

(૧) શું આ કામના અરજદાર પુરવાર કરે છે કે તેઓ મદદનીશ શ્રમ આયુક્ત કચેરીની અનુસુચી મુજબ નોકરીમાં પુનઃસ્થાપિત થવા કે તેઓએ માંગેલ અન્ય દાદ મેળવવા હક્કદાર છે?

(૨) શું આખરી હુકમ?

(12) ઉપરોક્ત મુદ્દાઓના જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ – **નકારમાં.**

મુદ્દા નં.૨ – **આખરી હુકમ મુજબ**

## –:: કારણો ::–

**મુદ્દા નં.૧**

(13) સદર મુદ્દા સંબંધે અરજદારે કોઈ પણ દાદ મેળવવા હક્કદાર હોવા માટે પ્રથમ તેઓએ **કામદાર હોવાનું,** ત્યારબાદ **સળંગ નોકરી કરેલ હોવાનું** તથા તેઓને **ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાની** હકીકત પુરવાર કરવાની રહે છે.

13.1 સૌપ્રથમ ધી ઔદ્યોગીક વિવાદ ધારાની કલમ–૨(એસ) મુજબ કામદારની વ્યાખ્યાનો વિચાર કરવો આવશ્યક બને છે. હાલના કેસમાં રેકર્ડ પર રહેલ મૌખિત તથા દસ્તાવેજી પુરાવાઓના સંયુક્ત પરિચિન્તનથી જણાય છે કે, અરજદારે તેઓના માંગણા નિવેદન તથા સોગંદનામામાં સામાવાળા સંસ્થામાં ડ્રાઈવર તરીકે કામગીરી કરેલ હોવાનું જણાવેલ જ્યારે સામાવાળાએ અરજદાર તેઓના કામદાર છે કે નહીં તે બાબતે કોઈ બચાવ કે પુરાવો રજુ કરેલ નથી ઉલટાનું સામાવાળા આંક–૧૮ થી પુરાવાના સોગંદનામામાં તેઓએ અરજદારને ક્યારેય છુટા કરેલ ન હોવાનું જણાવેલ છે. આ તમામ હકીકતો ધ્યાને લેતા **અરજદાર સામાવાળાના કામદાર તરીકે કામગીરી કરતા હતા અને અરજદાર તથા સામાવાળા નં.૧ વચ્ચે કામદાર–માલિકનો સંબંધ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.**

13.2 ત્યારબાદ અરજદારે સળંગ સેવા બજાવેલ છે કે નહીં તથા નોકરીમાંથી વિમુખ કરવામાં આવ્યાના અગાઉના બાર માસમાં ૨૪૦ દિવસથી વધુ સેવા બજાવેલ છે કે કેમ? તે મુદ્દાનો વિચાર કરવાનો થાય છે. આ સંદર્ભે ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ–૨૫(ખ) મુજબ સળંગ સેવાની વ્યાખ્યા ધ્યાને લેવી આવશ્યક બને છે. સદર વ્યાખ્યા સાથે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાઓના સંયુક્ત મૂલ્યાંકનથી જણાય છે કે જ્યારે સામાવાળા નં.૧ અને કામદાર વચ્ચે નોકર માલિકનો સંબંધ સ્થાપિત થયેલ છે ત્યારે સામાવાળા નં.૧ એ અરજદારે એક વર્ષના સળંગ ૨૪૦ દિવસ કામ કરેલ નથી કે તેઓ તેના કામદાર નથી તેવો કોઈ બચાવ કે વિશ્વશનીય પુરાવો રજુ કરેલ

નથી જ્યારે અરજદાર તરફે આંક–૧૩ થી પુરાવાના સોગંદનામામાં તેઓએ તા.૦૧/૦૩/૨૦૧૪ થી સામાવાળા સંસ્થામાં ડ્રાઈવર તરીકે ૨૪૦ દિવસથી વધુ નોકરી કરેલ હોવાનું જણાવેલ જે બાબતે સામાવાળા તરફે ઉલટતપાસમાં પણ કોઈ તકરાર ઉઠાવેલ નથી કે ખંડન કરતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં અરજદારની નોકરી ૨૪૦ દિવસથી વધુ હોવાની બાબત રે.કે.નં.૩૫/૨૦૨૧ ધ્યાને લેતા માની શકાય છે. આમ, ઉપરોક્ત તમામ હકીકતો તથા રેકર્ડ પર રહેલ પુરાવાઓના સર્વાંગી પરિચિન્તનથી **અરજદારે નોકરી દરમિયાન સળંગ તથા સતત સેવા બજાવેલ છે અને તેમણે ૨૪૦ દિવસથી વધુ કામગીરી કરેલ હોવાનું માનવાને કારણ રહે છે.**

**13.3** હવે ઉપરોક્ત પેરાઓમાં કરાયેલ ચર્ચાના આધારે અરજદાર કામદાર હોવાનું અને સળંગ નોકરી કરેલ હોવાનું માન્ય રાખવામાં આવેલ છે ત્યારે તેમની છટણી કાયદેસર છે કે નહીં તે મુદ્દાનો વિચાર કરવાનો રહે છે. આ સંદર્ભે ઔદ્યોગીક વિવાદ ધારાની છટણી અંગેની કલમ–૨(૦૦), ૨૫(એફ), ૨૫(જી), ૨૫(એચ) ધ્યાને લેવી આવશ્યક બને છે.

**(14)** સદર કેસમાં ઉપરોક્ત જોગવાઈઓ તેમજ રેકર્ડ પરના તમામ પુરાવાઓ ધ્યાને લેતા, અરજદાર તરફે આંક–૧૩ થી રજુ સોગંદનામામાં માંગણા નિવેદનની હકીકતોનું પુનરાવર્તન કરી સામાવાળાએ તેઓને તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ મૌખિક હુકમથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ હોવાનું જણાવેલ તેમજ ઉલટતપાસમાં એ બાબતનો સ્વિકાર કરે છે કે, "હું તા.૦૧/૦૩/૨૦૧૪ થી ફરજ બજાવું છુ તે બતાવતો કોઈ લેખીત દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ નથી." વધુમાં અરજદાર તરફે તેઓને છુટા કર્યા તે સંબંધેનો કોઈ વિશ્વશનિય કે સક્ષમ પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી જ્યારે સામાવાળા આંક–૧૮ થી રજુ સોગંદનામામાં જણાવે છે કે, તેઓએ અરજદારને ક્યારેય છુટા કર્યા જ નથી તેમજ ઉલટતપાસમાં પણ તે વાત સ્વેચ્છાએ સ્વિકારે છે કે," અમોએ અરજદારને છુટા કરેલ નથી."

વધુમાં અરજદારે તેઓના માંગણા નિવેદન તથા સોગંદનામામાં જણાવે છે કે, સદર કેસ નામદાર હાઈકોર્ટમાં સ્પે.સી.એ.નં.૨૩૦૧/૨૦૨૪ થી ચેલેન્જ કરેલ જેમા માનવીય શરતચુકથી તેઓ સામાવાળા સંસ્થામાં કામ પર હોય તેવુ જણાવેલ પરંતુ હકીકતે સામાવાળાએ તેઓને નોકરી પરથી છુટા કરી દીધા હતા જે અંગેનું સોગંદનામું નામ.ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ જે મેળવી અત્રેની કોર્ટ સમક્ષ નકલ રજુ રાખીશું. જે સામે સામાવાળાની આંક-૩૩ થી રજૂ લેખીત દલીલ ધ્યાને લેતા તેમા સામાવાળા જણાવે છે કે, અરજદાર તરફે આજદિન સુધી તે સોગંદનામું કોઈપણ પ્રકારે રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. વધુમાં અરજદાર તેઓની ઉલટતપાસમાં જણાવેલ છે કે," **મેં માંગણા નિવેદનના પેરા-૫ માં ઉલ્લેખ કરેલ સોગંદનામું નામ.ગુજરાત હાઈકોર્ટમાં રજુ કરેલ નથી.** રેકોર્ડ અને ઉલટ તપાસના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે કામદારે પરસ્પર વિરોધાભાસી નિવેદન કર્યા છે. કામદારે સદર કેસમાં માંગણાનિવેદન તથા સોગંદનામામાં તેઓને તા.૦૩/૦૪/૨૦૨૩ થી છુટા કરેલ હોવાનું જણાવેલ જ્યારે નીચે મુજબના નામ.ગુજરાત હાઈકોર્ટમાં તા.૧૪/૦૨/૨૦૨૪ ના મૌખિક હુકમઃ-

"Heard learned advocate for the petitioner. He submitted that award of the Labour Court not awarding backwages is erroneous since for the interregnum period, the petitioners-workmen were not employed elsewhere. Further, though the other workmen were called for work, the petitioners were not taken on work and no correspondence has been made to that effect. Since the workmen were not gainfully employed during the interregnum period, they are entitled for backwages. **He further submitted that pursuant to the award of the Labour Court, the workmen are at present reinstated and working with the respondent.**"

મુજબ તેઓ કામ કરતા હોવાનું જણાવેલ. કામદારે આ વિરોધાભાસને "માનવિય ભુલ" કહી નામ.હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કરવાની તથા તેની નકલ અત્રેની કોર્ટમાં રજૂ કરવાની બાબત તેમના સોગંદનામાં તથા માંગણા નિવેદનમાં કરેલ પરંતુ આજદિન સુધી આવા સોગંદનામુ રજૂ કરેલ નથી ઉલટાનું અરજદાર તેઓની ઉલટતપાસમાં સ્વિકારે છે કે, તેણે નામ.હાઈકોર્ટ સમક્ષ આવું કોઈ સોગંદનામું દાખલ કરેલ નથી. ઉપરોક્ત હકીકતો સાથે કાયદાના સિદ્ધાંતો ધ્યાને લેતા,

કોઈપણ પક્ષકાર એકસાથે વિરોધાભાસી સ્ટેન્ડ લઈ શકતો નથી. ઉપરોક્ત પુરાવાઓ, દલીલો તેમજ રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા સદર કેસમાં અરજદાર એ બાબત પુરવાર કરવામાં નિષ્ફળ રહે છે કે તેઓને સામાવાળાએ છુટા કરેલ છે. અરજદાર મુદ્દા નં.૧ સાબિત કરવામાં નિષ્ફળ થતા હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ "**નકાર**" માં આપવામાં આવે છે. આમ, મુદ્દા નં.૧ ના જવાબના આધારે **મુદ્દા નં.૨** નો જવાબ નીચે આખરી હુકમ મુજબ આપવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આથી અરજદારનો હાલનો રેફરન્સ કેસ સામાવાળા સામે **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

જુનાગઢ
તા.૨૪/૦૪/૨૦૨૬

**(જે.એસ.જાદવ)**
પ્રમુખ અધિકારી, મજુર અદાલત,
જુનાગઢ.
(જી.જે.૦૧૪૨૪)

H.U KACHELA(STENO)